| ૫ | શ્રી અરૂણાબેન મહેન્દ્રભાઈ દંડ (આણંદ પરિવાર) | તેરા-ગાંધીધામ |
| ૬ | માતુશ્રી માકલબાઈ નરશી ખેતશી લોડાયા પરિવાર | તેરા-અંજાર |
| ૭ | શ્રીમતી રતનબાઈ ભાણજી દેવજી ખીમજી | તેરા-મુંબઈ |
| ૮ | માતુશ્રી ગંગાબાઈ નારાણજી શીવજી દંડ (વેકરા પરિવાર)<br>હ. શ્રીમતી કુસુમબેન પ્રવીણભાઈ દંડ | તેરા-ગાંધીધામ |
| ૯ | માતુશ્રી માકબાઈ લક્ષ્મીચંદ ત્રિકમજી સોની | વાંકુ-ઘાટકોપર |

| અ.નં. | દાતાશ્રીનું નામ | ગામ |
|---|---|---|
| ૧૦ | શ્રી શાંતિલાલભાઈ કલ્યાણજી લોડાયા | તેરા-વડોદરા |
| ૧૧ | સ્વ.અ.સૌ સરિતાબેન બિપીનચંદ્ર છેડા | સુથરી-મુંબઈ |
| ૧૨ | શેઠ શ્રી લક્ષ્મીચંદભાઈ ધારસી મોતા | લાખણીયા-વડાલા |
| ૧૩ | માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા | તેરા-નાંદેડ |
| ૧૪ | શ્રીમતી કાશ્મીરાબેન રજનીકાંત નાગડા (પ.પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સાની પ્રેરણાથી) | તેરા-ઘાટકોપર |
| ૧૫ | શ્રીમતી ઝવેરબેન ભૂપેન્દ્રભાઈ ખોના (બ્યુટીક જવેલર્સ) | તેરા-મુલુંડ |
| ૧૬ | માતુશ્રી રાજબાઇ પદમસી મોતા હ. જયશ્રીબેન ભરતભાઈ મોતા | કુવાપધ્ધર-હૈદરાબાદ |
| ૧૭ | શ્રીમતી પ્રિયાબેન પ્રફુલભાઈ મોતા પરિવાર | તેરા-વિક્રોલી |
| ૧૮ | શ્રીમતી હીરાબાઈ વિસનજી મૈશેરી (નિયાણી જયાબેન વીરચંદ સોની) | સુથરી-મુંબઈ |
| ૧૯ | સંઘવી શ્રી ભાગચંદભાઈ દામજી કાનજી જૈન પરિવાર | કોઠારા-મુલુંડ |
| ૨૦ | માતુશ્રી માકબાઈ નવીનચંદ્ર મૈશેરી પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધી મ.સા.ની પ્રેરણાથી | કુવાપધ્ધર-વડોદરા |
| ૨૧ | શ્રી માણેકજી કલ્યાણજી મોતા હ.નિયાણી - ભાગ્યવંતી હિરાચંદ મોમાયા, પ્રેમિલા કિરીટ ખોના | મોટી ધૂફી |
| ૨૨ | માતુશ્રી રતનબેન દામજી નેણસી મોતા (જયંતીલાલ દામજી મોતા) | તેરા-હૈદરાબાદ |
| ૨૩ | માતુશ્રી નિર્મલાબેન વિનોદભાઈ મોતા | કુવાપધ્ધર-મુલુંડ |
| ૨૪ | માતુશ્રી લક્ષ્મીબેન વીરચંદ પદમસી નાગડા હ. વિજય વીરચંદ (બાંડિયા),મમતા ભુપેન્દ્ર ગાલા(લાયજા) | તેરા |
| ૨૫ | શ્રી ગુલાબ હીરાચંદભાઈ પટેલ (મોતા) | તેરા-ઘાટકોપર |
| ૨૬ | સ્વ. લખમસી પદમસી ખોના (આર્ટીસ્ટ) હ. તેમના સુપુત્રી નીતાબેન મહેન્દ્રભાઈ છેડા (સુથરી) અને પુત્રવધુ દક્ષા પરેશ ખોના (તેરા) | તેરા-ખામગામ |
| ૨૭ | માતુશ્રી હીરબાઈ જેઠાભાઈ લખમસી છેડા | તેરા-મુલુંડ |
| ૨૮ | સાયલા પરિવાર - માતુશ્રી મીનાક્ષીબેન પદમશી સાયલા, માતુશ્રી હંસાબેન પુનશી સાયલા, માતુશ્રી સરલાબેન લખમશી સાયલા, માતુશ્રી વિજયાબેન રમેશ સાયલા તથા દીકરીઓ જ્યોત્સનાબેન હેમંત શાહ, દિપાલીબેન પ્રદીપ દંડ, હેતલબેન રાજેશ ધરમશી | તેરા-મુંબઈ |
| ૨૯ | સ્વ. મણીબેન તથા ભવાનજી મુલજી મોતા તથા સ્વ. અલ્પાબેન મહેન્દ્રભાઈ મોતાના સ્મરણાર્થે | તેરા-નડિયાદ |
| ૩૦ | અ.સૌ. હીનાબેન હેમંતભાઈ લોડાયા | વરાડીયા- કેનેડા (Winnipeg) |

## દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના સાથે અભાર

ઉપરોક્ત યોજનામાં હજુ પણ કોઈ ભાગ્યશાળીને લાભ લેવાની ભાવના હોય તો લાભ લઇ શકે છે અને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી શકે છે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા ના બહુમાનપૂર્વક પ્રણામ સ્વીકારશોજી**

સંપર્ક : ૧) ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ શામજી દંડ-મુલુંડ Mob: 90043 91413

૨) ટ્રસ્ટી શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ-ભાંડુપ Mob: 99209 35414

# સગપણ એક આધુનિક સમસ્યા

ઉપરોક્ત વિષય ઉપરે આપણી જ્ઞાતિમાં પ્રવર્તી રહેલી ગંભીરતાને ધ્યાનમાં રાખતાં આપણી જ્ઞાતિની સંસ્થાઓ, જ્ઞાતિમહાજનો વર્ષોથી સજાગ અને ચિંતીત છે. એ આપણાં યુવાનોનું સદ્ભાગ્ય છે કે તેઓ સગપણ સંમેલનો, યુવામિલનો, સામુહિક વિવાહો ગોઠવી માવિત્રની ફરજ અદા કરી રહ્યા છે. છતાંય જોઈએ એવું પરિણામ દેખાતું નથી.

હું શાંતિલાલ રામજી લાલકા, હુબલી ઘણાં ય વર્ષોથી નીઃશુલ્ક સગપણ સેવા આપી રહ્યો છું અને ઘણાયને જીવનસાથી શોધી આપવામાં મદદગાર રહ્યો છું. આજે પણ ધાર્યું પરિણામ મળતું નથી એનો મને પણ રંજ છે. ઘણાંય વર્ષોનાં મારા આ અનુભવની તારવણી બાદ 'ભા મુંજો સગપણ કરાયો'એ શિર્ષક હેઠળ કચ્છી કાવ્યની રચના કરી જ્ઞાતિની સમક્ષ મુકેલ.

આજે ઉંમરલાયક બાળકોનાં વડીલો પોતાના સંતાનો માટે યોગ્ય પાત્ર શોધવા ચિંતીત છે. બાળકોનાં સારા ભવિષ્યને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણ અપાવ્યું અને મોટી સારી કંપનીમાં કામે લગાડ્યા કે જ્યાં પગારનું ધોરણ ઉંચું છે અને બાળકો ત્યાં જ કામ કરતા સહભાગીના પ્રેમમાં પડી જતાં આંતરજ્ઞાતિય વિવાહ કરી લે છે યુવાનીનાં જોશમાં વડીલોનું પણ સાંભળતા નથી.

હવે શરૂ થાય છે બીજો અધ્યાય કે જ્યાં એમના વિચારોનો મેળ ખાતો નથી અને બંને મોબાઈલના કારણે એક બીજા પ્રત્યે શંકાકુશંકાઓ કરી વિખવાદ બાદ છુટાછેડા સુધી પહોંચે છે. લગ્નજીવન ટકતું નથી પછી બીજા પાત્રની શોધમાં ઘણાંય પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

ભણતર અને નોકરી મેળવવામાં જ અડધી યુવાની વીતી જાય છે. આજે ૩૫..૪૦..૫૦..૫૫ વર્ષના બાળકો કુંવારા બેઠા છે છતાંય ક્યાંય બાંધછોડ નથી કરવી. આજની રહેણીકરણી, મોજશોખ, બહારનું ખાવાનું, પ્રદુષણ અને વ્યસનોના કારણે આયુષ્ય પણ ઘટતું જાય છે. આજે વડીલો હયાત છે અને બાળકો જલ્દી મરણ પામે છે. તો વિચારો...આ સમસ્યાનો હલ ક્યાં મળશે????.

આજે પુરૂષો કરતાં સ્ત્રીઓની સંખ્યા પણ ઓછી છે. આજે આપણે હમ દો હમારે દો અને હજુ આગળ વધતા ફક્ત એકજ સંતાનથી સંતોષ અનુભવવા લાગ્યા છીએ.. કારણ વડીલો મોંઘવારીનું બહાનું બતાવે છે.(આવક હોવાં છતાં). આજે કેટલાક યુવાઓ પરણવા પણ ઈચ્છતા નથી અને કેટલાક પરણેલાઓને સંતાનો પણ નથી જોઈતા.

પહેલાંના જમાનામાં માવીત્રો પસંદ કરે ત્યાં સગપણ અને લગ્ન થઈ જતાં અને ટકતાં, જ્યારે આજે બાળકો પોતાની રીતે પાત્ર પસંદ કરે છે છતાંય સગપણ છુટા અને છુટાછેડાનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે.

મોટા શહેરોની મોહમાયામાં દેશાવરની સુખશાંતિ છિનવાઈ જાય છે. મેટ્રો સિટીમાં પ્રદુષણ યુક્ત વાતાવરણમાં પીસાતી અને ઘડિયાળના કાંટે ચાલતી જીંદગી અને ત્યાંનાં મોજશોખ અને બહારના ખાણપીણ અને સ્વછંદ જીવનના આકર્ષણમાં આજની યુવાપેઢી પોતાના સુંદર ભવિષ્યનો વિચાર ન કરતાં અંધકારમય જીવન તરફ જાણ્યે અજાણ્યે આગળ વધી રહી છે.

મોટા શહેરોના આકર્ષણના બદલે દેશાવરમાં સ્થાઈ થવાનું વિચારો કે જ્યાં શાંતી છે. પ્રદુષણ મુક્ત વાતાવરણ છે.. સંયુક્ત પરિવારો છે અને સહુ સાથે હળીમળીને રહે છે.

વડીલોના નિર્ણયને માન્યતા આપી તમે જે ઘરમાં જાવ એજ તમારો ઘર, તમારો પરિવાર, તમારા બાળકો અને તમારી જવાબદારીઓ ખંતથી ઉપાડી લેશો તો તમારું પણ કલ્યાણ અને વડીલોની પાછલી જીદગી ચિંતામુક્ત રહેશે.

યુવા વર્ગને ખાસ વિનંતી, લગ્નની ઉંમર ૨૦..૨૫...કે ૩૦થી વધારે ન હોવી જોઇએ. કુંડળી વગેરેની ખોટી માયાજાળમાં ન ફસાતાં અને પ્રેમવિવાહના બદલે વડીલોની ગોઠવણી મુજબ વિવાહ કરી સુખી થાવ.

અગ્નિની સાક્ષીએ સમપદીના ફેરા ફરતાં જીવન પર્યંત સુખદુઃખમાં સાથ નિભાવવાના સોગંદ લીધા બાદ પણ આજે કેટલાક છુટાછેડા થઈ રહ્યા છે. આ આપણે કયા માર્ગે જઇ રહ્યા છીએ? આપણે એકબીજા ઉપર વિશ્વાસ રાખી લગ્ન બંધનને નહીં નિભાવીએ તો આ આપણી ભૂલોનું પરિણામ આપણી પ્રજાતિએ જ ભોગવવું પડશે.

બચપણ ગયું, યુવાની પણ ચાલી જશે અને પછી બુઢાપો અને અંતે મૃત્યુ. જીવન એક વહેણ છે તે કદી રોકાતુ નથી. અહીં કંઇ પણ સ્થિર નથી તો જે યુવાની મળી છે એને માણો, માણતાં શિખો.

જય જ્ઞાતિમૈયા

**- શાંતિલાલ રામજી લાલકા- હુબલી**

**મોબાઈલઃ ૯૨૪૨૨૨૦૮૦૩**

# શ્રી કેડીઓ પશ્ચિમ એકમ
## દ્વારા આયોજિત

**KDO DEVELOPMENT OCEAN**

# મેલબો ત મેલ્ધો ત જ ખેલબો

તારીખ : ૧૩.૦૭.૨૦૨૪, શનિવાર - સમય : સવારે ૯ થી સાંજના ૫ કલાક

સ્થળ: કલ્પતરુ હોસ્પિટાલિટી અને કલ્પતરુ ફૂડ, વાપી, ગુજરાત

## મુખ્ય પ્રાયોજક : કલ્પતરુ પરિવાર

**વ્યવસાય માં વૃદ્ધિ ઈચ્છો છો તો પધારો.**

**શુ તમારા વ્યવસાયના વિસ્તાર ને વધારવા માંગો છો ? તો આ તક આપના માટેજ છે.**

એક સમાન વ્યવસાય ધરવાતા બિઝનેઝમેન માટે નું મંચ તૈયાર છે. શ્રી પશ્ચિમ એકમ દ્વારા આયોજિત KDO DEVELOPMENT OCEAN EVENT માં જોડાઈ તમારા વ્યવસાય ને નવી ઉંચાઈ ઉપર લઇ જાઓ.

દરેક વ્યવસાય નો વ્યાપ કેમ વધારવો તેના માટે નિષ્ણાત ઉદ્યોગપતિ ની વિચારશ્રેણી નો અનુભવ મેળવો. આજ ના સ્પર્ધાત્મક સમયમાં વેપાર ના વિસ્તૃતિકરણ અને નવીનતમ યોજનાઓ અને વ્યૂહરચના સમજવાની એક અમૂલ્ય તક.

વ્યવસાય વૃદ્ધિ માટે એકસમાન વ્યવસાયના વિકાસલક્ષી વિચારોની આપ લે, તમારા વ્યવસાયની વિસ્તૃત માહિતીનું આદાન પ્રદાન માટે નું એક મંચ.

ભારત ના દરેક શહેર માંથી પધારેલ જ્ઞાતિના સફળ વેપારી વર્ગ તેમજ નવા સાહસ, વ્યવસાય ના નવા કોન્સેપ્ટ સાથે પધારેલ ઉત્સાહિત બિઝનેસમેન નું એક મંચ ઉપર સ્થાન.

**કેડીઓ જ્ઞાતિના નાના મોટા સર્વે બિઝનેસ ના વિકાસ ને ધ્યાન રાખી**

**શ્રી કેડીઓ પશ્ચિમ એકમ ની અનોખી પહેલ...**

**આવો આપણે સૌ ભેગા મળી જ્ઞાતિના વિકાસ ના સાક્ષી બનીએ...**

**વધુ માહિતી અને RSVP માટે સંપર્ક:**

**કન્વીનર: ચંદ્રેશ નાગડા - 99090 99250**

**સહ કન્વીનર:**

**રાજેશ ધરમશી - 99250 38896 બેલા નાગડા - 99987 55405 પરેશ શાહ - 99030 599918**

**શ્રી કેડીઓ પશ્ચિમ એકમ**

| | |
|---|---|
| શ્રી કમલેશ દંડ, પ્રમુખશ્રી | શ્રી મુકેશ લોડાયા, સેક્રેટરીશ્રી |
| 98250 42208 | 94264 03337 |

# સદિઓને અજવાળતા શ્રી પાર્શ્વશાન્તિ પ્રસાદના
# પુન:પ્રતિષ્ઠાના ઐતિહાસિક મહોત્સવસની આછેરી ઝલક

ગામ રાપરગઢવારી, અબડાસા તાલુકા, કચ્છ-ગુજરાતની ધર્મધરા પર તા. ૨૨.૦૨.૨૦૨૪ થી તા. ૨૫.૦૨.૨૦૨૪ દરમિયાન જૈનશાસનમાં ૨૩ મા તીર્થંકર શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પરમાત્માના આહ્લાદક જિનાલય 'શ્રી પાર્શ્વશાન્તિ પ્રાસાદ' ના પુન:પ્રતિષ્ઠા મહોત્સવનું ઐતિહાસિક પ્રસંગ અનહદ ઉદારતાપૂર્વક ઉજવાયો.

સાહિત્યસમ્રાટ રાજસ્થાન દીપક, સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચ્છલગચ્છનાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા તથા કચ્છ-વાગડ દેશોદ્ધારક દાદાશ્રી જીતવિજયજી મહારાજાના વંશદીપક, તપાગચ્છના નૂર, અધ્યાત્મસમ્રાટ, દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા અને શ્રી નેમિસૂરિ સમુદાયવર્તી પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિસ્તારક નિશ્રા.... ચતુર્વિધ શ્રી સંઘની પાવન ઉપસ્થિતમાં પુન:પ્રતિષ્ઠાનો અદ્વિતીય અવસર હર્ષોઉલ્લાસ સાથે પરિપુર્ણતાને પામ્યો.

મહોત્સવના પ્રથમ દિવસે - કુંભસ્થાપના પાટલાપૂજનની સાથે પરમાત્મા તથા સુરિભગવંતોનું શાહી સામૈયા સહ આગમન થયું. પધરામણી થઇ.

મહોત્સવના દ્વિતીય દિવસે - ૧૮ અભિષેક તથા ધ્વજદંડ કળશ અભિષેક બાદ મધ્યાન્હે પ્રવચન અંતર્ગત મહાજન, અનેક શાસન સુભટો, શ્રેષ્ઠિવર્યો, મહાનુભાવોનું તેમના જીવનમાં કરેલ ઉત્તમ શાસનકાર્યોની અનુમોદનાના ઉદ્ગાર સાથે પ્રત્યેકને મંચ પર આવકરી સહૃદયે સન્માન કરવામાં આવ્યું હતું. સંધ્યાકાળે પરમાત્માના દરબાર જવલ્લે જ જોવા મળે અકલ્પનીય મહાપૂજા-આરતીનો દિવ્ય નઝારો નિહાળી હજારો હૈયા ઓવારી ગયા હતા. તેના માટે સ્પેશિયલ રાજનગરથી ત્રણ ગજરાજો (હાથી) ને લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અધ્યાત્મ પરિવાર દ્વારા પ્રભુવીરના શાસનની અહિંસાની ન જાણેલી બીજી બાજુને ઉજાગર કરતી 'દુસરી બાજુ' : પ્રભુવીર કી અહિંસા કી અનકહી કથા' નામની જીવંત દશ્યાવલી (નાટક) ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

મહોત્સવના તૃતીય દિવસે - બે યાદગાર ઘટના બની હતી, એક પ્રભુની પ્રતિષ્ઠા અને બીજી પ્રભુને ગમતી દીક્ષાના હજારોના દિલમાં પ્રતિષ્ઠા! દીક્ષા! દીક્ષાધર્મની મહાનાયક પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજાની બેજોડ વાણીના પ્રભાવે દીક્ષા સ્વીકારવામાં મનોરથ ધરતા ૩૩-૩૩ મુમુક્ષરત્નોના મુહૂર્તપ્રદાનનો મહોત્સવ રચાયો હતો. ઇતિહાસ સાક્ષી પૂરશે કે રાજનગર-અમદાવાદની ધરા પર થનારા સામૂહિક દીક્ષા મહામહોત્સવ 'વીરવ્રતોત્સવ' ના મંડાણ કચ્છ રાપરગઢવારીની ધરા પર થયા. દીક્ષા માટેના લાભોની યાદી નક્કી થઇ.

અત્રે ઉલ્લેખનીય છે કે જૈનસમાજના શ્રેષ્ઠિવર્ય શ્રી બાબુલાલજી ભણસાલી ઉપસ્થિત હતા. તેમણે 'વીરવ્રતોસ્તવ' સામૂહિક દીક્ષાનો સંપૂર્ણ લાભ આપવા વિનંતી કરી હતી. પરંતુ મુમુક્ષુ પરિવારોની ભાવનાને ધ્યાનમાં રાખીને સમિતિએ સમગ્ર લાભ તેમણે ન આપતા અંતે 'વીરવ્રતોસ્તવ' ના ચાર મુખ્ય લાભાર્થીઓમાં એક લાભાર્થી તરીકે તેઓ શામેલ રહ્યા હતા. એ સિવાય અન્ય અનેક લાભો મુમુક્ષુ પરિવારો દ્વારા ત્વરિત અને માતબર રકમથી લેવામાં આવ્યા હતા.

શુભ ઘડી આવતા ૩૩-૩૩ મુમુક્ષુરત્નોને 'ગુરૂયોગ' દ્વારા મુહૂર્તપ્રદાન કરવામાં આવ્યું હતું છેલ્લે પુન:પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર દ્વારા તે મંગલ મુહૂર્તનું સકલ શ્રી સંઘ સમક્ષ વાંચન કરવામાં આવ્યું હતું. સર્વત્ર આનંદનો સમંદર છલકાયો. રાપરગઢવારીના આસમાને વિરતિધર્મનો જયકાર ગુંજી ઉઠ્યો.

ત્યારબાદ તુરંત પ્રભુપ્રતિષ્ઠાની પવિત્ર પળો સમીપ આવતા સકલ શ્રી સંઘ નૂતન જિનાલયે એકત્રિત થયો.'જય હો પારસ તારો જય થાઓ....' હો શાન્તિ તારો જય થાઓ...' ની નવનિર્મિત ધુનથી પ્રભુમય બની ગયા હતા. પ્રભુમાં એકતાન થયા હતા. પ્રતિષ્ઠાની પળે હેલિકોપ્ટર દ્વારા આસમાનથી સમગ્ર જિનાલય પર અવિરત પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

મહોત્સવના ચતુર્થ દિવસે - જિનાલય દ્વારોદ્ઘાટન ભવનિસ્તારક પ્રવચન તથા ઉત્સવને અનોખી ઉંચાઇએ લઇ જનારા અનેક કર્મઠ કાર્યકતાઓનું બહુમાન તથા શ્રી સત્તરભેદી પૂજા સાથે મહોત્સવ સંપન્ન થયો હતો.

આ ઐતિહાસિક મહોત્સવમાં શ્રી સંકેતભાઇ શાહના નેજા હેઠલ તૈયાર વિવિધ સંગીતજ્ઞાઓના સુમધુર કંઠે ઉપસ્થિત તમામના ભાવોમાં ભારોભાર વૃદ્ધિ થઇ હતી. અધ્યાત્મ પરિવાર દ્વારા પાપફળને દર્શાવતી 'નરક મોઝાર' ની જીવંત રચનાવલી આદી પ્રદર્શનીએ જૈનત્તરોને પણ આશ્ચર્યચકિત કરી દીધા હતા. છેક અંતરિયાળ ગામડામાં પણ અઢળક માન મહેરામણ ઉમટ્યો હતો.

ભારતભરમાંથી મહોત્સવમાં પધારેલા આમંત્રિત મહેમાનોની રહેવાની વ્યવસ્થા જયપુરથી મંગાવેલ વિશિષ્ટ ટેન્ટ (ટેન્ટસીટી-ક.દ.ઓ. જ્ઞાતિશિરોમણી શ્રી નરશી નાથા ફરિયો અને ક.દ.ઓ. જ્ઞાતિશિરોમણી શ્રી કેશવજી નાયક ફરિયો) મા કરવામાં આવી હતી કુલ ૨૮૫ જેટલા ટેન્ટથી શોભતી ટેન્ટસીટીમાં ૧૨૦૦ આરાધકો, ૧૦ ધર્મશાળામાં દીક્ષાર્થી પરિવારોના ૧૫૦૦ તથા અન્ય... એમ અંદાજિત ૩૦૦૦ આરાધકોના ઉતારાની અવિસ્મણીય વ્યવસ્થા કરવામાં આવી હતી.

મુંબઇથી સ્પેશિયલ ચાર્ટર્ડ પ્લેન તથા ટ્રેનની સ્પેશિયલ બોગી દ્વારા મહાનુભાવોને પ્રસંગમાં આમંત્રિત કરાયા હતા. અંદાજે ૪૫૦૦ જેટલા આરાધકોએ પુનઃપ્રતિષ્ઠાનો પ્રસંગ નિહાળી ધન્યતાનો અહેસાસ અનુભવ્યો હતો. પધારેલા સર્વેની ત્રણેય સમયની સાધર્મિકભક્તિ બેસાડીને ઉત્તમ ભોજનદ્રવ્યોથી કરવામાં આવી હતી.

મહોત્સવનું આકર્ષણ 'મંગલઘર'! જેમાં અધ્યાત્મ પરિવાર દ્વારા ચાંદીના સ્વપ્ન રત્નજડિત કળશો, કલ્યાણમિત્ર શ્રી પરેશભાઇ નંદપ્રભાદ્વારા વિશિષ્ટ કોતરણીયુક્ત પરમાત્માની આંગી તથા લાભાર્થી પરિવાર દ્વારા શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પરમાત્માની દેદીપ્યમાન આંગી, દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉત્તમ ઉપકરણો શામેલ હતા.

૧૩૬ વર્ષથી અધિક પ્રાચીન એવા આ જિનાલયનું પાયાથી સંપૂર્ણ નવનિર્માણ એ ભારતની  પ્રાચીન નિર્માણશૈલીને આધારિત છે. સંપૂર્ણતાઃ રસાયનો રહિત અને પ્રાકૃતિક પદ્ધતિ દ્વારા નિર્મિત છે. સિમેન્ટ આદિને બદલે શુદ્ધ ચૂનાનો વપરાશ કરવામાં આવ્યો છે. પ્લાસ્ટરને મજબૂત બનાવવા માટે મેથી અન ગુડુજી સાથે ગોળ મિક્સ કરીને તૈયાર કરવામાં આવ્યુ છે. અલૌકિક કોતરણીથી શોભી રહેલા આ જિનાલયના બાવન ફૂટના વિરાટ શિખરે લહેરાતી ધજા સદીઓ સુધી દશે દિશામાં જૈનશાસનની પ્રભાવના કરતી રહેશે.

કચ્છમાં આવેલ ધરતીકંપ બાદ આ જિનાલય જીર્ણ થઇ ગયું હતુ. જીર્ણોદ્ધારની સતત આવશ્યકત હતી. ત્યારે સંપૂર્ણ જિનાલયનું સ્વદ્રવ્યથી નિર્માણ રાપરગઢવારી ગામના જ મોભી માતુશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર દ્વારા ઉત્કૃષ્ટ રીતે કરવામાં આવ્યું.

પીંગલેશ્વર બીચ ડેવલપમેન્ટ (વિકાસ) માં સરકાર તરફથી ૨૫ કરોડનું યોગદાન જાહેર થયેલ હોવાથી પીંગલેશ્વરની આજુબાજુના ક્ષેત્રો, પીંગલેશ્વરની બાજુમાં રહેલ અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટ- રાપરગઢવારી નો વિકાસ તથા ગૌશાળામાં બગીચાના નિર્માણથી આજુબાજુના ગામોથી આવાગમન વધશે. ત્યારે અબડાસાની નાની પંચતીર્થી રાપરગઢવારીનાં જાજરમાન જિનાલયમાં પણ આરાધકોનું આવાગમન અવશ્ય વધશે.

બસ! આ જ રીતે સાચા સુખની રાહ ખતાડનારા તીર્થંકર પરમાત્માનો પ્રભાવ સર્વત્ર વિસ્તાર પામે અને જે દ્વારા સહુ કોઇ આત્મકલ્યાણ સાધી મોક્ષપદ ને પામે એજ એકમાત્ર અંતરની અભિલાષા !

**લિ. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને**

**ક.દ.ઓ મહાજન ટ્રસ્ટ- રાપરગઢવારી, રાપરગઢવારી નાનીસિંધોડી જૈન સંઘ**

**શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના પ્રણામ!**

# પુનઃપ્રતિષ્ઠા પ્રસંગના ફોટો

## નવનિર્મિત જિનાલય



## કુંભસ્થાપના અને પાટલા પૂજન









## પ્રભુજીનો તથા આચાર્ય ભગવંતોનો નગર પ્રવેશ તથા જાજરમાન વરઘોડો















## પ્રભુજીનો જિનાલય માં અલૌકિક પ્રવેશ














## મંગલઘર અને પ્રદર્શની
















## ૧૮ અભિષેક તથા ધ્વજદંડ - કળશ અભિષેક

















## ગુરૂ ભગવંતના માર્મિક પ્રવચન





સાહિત્યસમ્રાટ, રાજસ્થાન દક્ષિણ દિપક,
સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક
પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ



ગુરૂજિન-સયંમકૃપા પાત્ર, અધ્યાત્મ સમ્રાટ પ. પૂ.
આ. દે. શ્રી મદ્વિજય યોગતિલક સૂરીશ્વરજી મહારાજ



શાસન સમ્રાટ ને મિસૂરીસમુદાયના પ. પૂ. આ. દે.
શ્રીમદ્વિજય કુલચંદ્ર સૂરીશ્વરજી મહારાજ

# વિશિષ્ટ મહાપુજા તથા મહાઆરતી

## પ્રભુવીર ના શાસનની અહિંસાની નજાણેલી બીજી બાજુને ઉજાગર કરતી 'દૂસરીબાજુ : પ્રભુવીર અહિંસા કી અનકહી કથા' નામની જીવંત દૃષ્યાવી (નાટક)


















## ૩૩ દિક્ષાર્થીઓનું મુહૂર્ત પ્રદાન













# શ્રેષ્ઠિવર્યો તથા કાર્યકર્તાઓનું બહુમાન









શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન ના પદાધિકારીઓ

અબડાસા કચ્છ ધારાસભ્ય (પ્રદ્યુમ્નસિંહ જાડેજા)





શ્રી પ્રિતેશભાઇ શાહ (ટિકુભાઇ)

અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટ રાપરગઢવારી વસંતભાઇ શાહ - મોહનભાઇ રાંભીયા





અધ્યાત્મ પરિવાર તથા શાંતિકનક શ્રમણોપાસક ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ

# શ્રી પાર્શ્વશાંતી પ્રસાદનાં પુન:પ્રતિષ્ઠા ઐતિહાસિક મહોત્સવની આછેરી ઝલક




























અધ્યાત્મ પરિવાર દ્વારા પાપફળને દર્શાવતી 'નરક મોઝાર' ની જીવંત રચનાવલી આદિ પ્રદર્શની










## ટેન્ટસીટી :

(ક.દ.ઓ. જ્ઞાતિ શિરોમણી નરશી નાથા ફરિયો અને ક.દ.ઓ. જ્ઞાતિ શિરોમણી કેશવનાથ ફરિયો ૨૮૫ ટેન્ટસીટી માં ૧૨૦૦ અને ૧૦ ધર્મશાળામાં ૧૫૦૦ દીક્ષાર્થી પરિવારો તથા અન્ય એમ અંદાજિત ૩૦૦૦ આરાધકોની ઉતારાની વ્યવસ્થા કરાવામાં આવી હતી.




















આદરપૂર્વક ૮૦૦ જણા બેસીને સાધર્મિક ભક્તીનો અદભુત ભોજન મંડપ







શ્રી. કમલસિંહજી રામપુરીયા
(જૈન શ્વેતાંબર તીર્થ સોસાયટી કોલકત્તા)




શ્રી. બાબુલાલજી ભણસાલી




શ્રી. દિનેશભાઇ ઠળિયા,
(મણીલક્ષ્મી તીર્થ)



શ્રી દેવેંદ્રભાઇ શાહ
(ગોવર્ધન ડેરી)




શ્રી. પ્રકાશભાઇ સંઘવી
(રત્નમણી)



શ્રી. કેવનભાઇ સંઘવી



શ્રી મિતેશભાઇ / નંદપ્રભા પરિવાર



શ્રી મીઠાલાલજી ગાંધી મુથા



શ્રી કેતનભાઇ / શ્રી વિશ્રુતભાઇ



શ્રી બંદિશભાઇ અજમેરા



શ્રી. ટી. પી. ઓસવાલ (સી.એ.)




વાલકેશ્વર મુંબઇ ના ઉમરી પરિવાર



શ્રી રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ



શ્રી. જોહીતકુમાર જૈન



શ્રી. શેખરભાઇ જૈન



શ્રી ચંદુભાઇ માયાભાઇ



શ્રી ભરતભાઇ ફોજાલાલ



શ્રી. નરેશભાઇ ચંદન, શ્રી રવીન્દ્રભાઇ સંઘવી,
શ્રી. હિમ્મતસિંહજી



શ્રી. રોહિત ભવરલાલજી દોશી
(દિલ્હી)




શ્રી. દિવ્યકાંતભાઇ સલોત




શ્રી સચિનભાઇ વેદ,
શ્રી વિજયરાજી વેદ - ચેન્નાઇ,



શ્રી શૈલેષભાઇ અજબાણી




શ્રી.પંકજભાઇ શાહ
અને શ્રી. જયેશભાઇ શાહ



શ્રી. દિપકભાઇ ગોસર



શ્રી. પ્રદ્યુમ્નસિંહ જાડેજા - ધારાસભ્ય અબડાસા



શ્રી. વેલજીભાઇ ગડા કલ્યાણમિત્ર



શ્રી. જયેશભાઇ જૈન



શ્રી. પ્રબોધન મુનવર અને શ્રી. કિરણભાઇ દંડ



શ્રી. ગોવિંદજીભાઇ પટેલ



શ્રી દેવેંદ્ર ધરમશી, શ્રી નયનભાઇ ભેદા



શ્રી ચાંપશીભાઇ લોડાયા



શ્રી. ભુપેંન્દ્રભાઇ દંડ (ભુમીરાજ ગ્રુપ)



શ્રી. આષિતભાઇ કોઠારી



શ્રી. મહેશભાઇ સાવડીયા,
શ્રી. પંકજભાઇ વોરા



શ્રી. એમ. આર. રાવસાહેબ
(કમીશ્નર કંડલા પોર્ટ)



શ્રી. પારસભાઇ મૈશેરી



શ્રી પાર્શ્વશાન્તિ પ્રસાદ (રાપરગઢવારી) ના ટ્રસ્ટીઓ



શ્રી. રમેશભાઇ મોતા


શ્રી હીરાલાલ ડાઘા


શ્રી. ડોલરભાઇ લોડાયા


શ્રી ખુશાલભાઇ ધરમશી


શ્રી. કુમારભાઇ દંડ


શ્રી. મણિકાંતભાઇ ધુલ્લા


શ્રી અશોકભાઇ ગુપ્તા (દિલ્હી)


શ્રી. હિતેન્દ્ર કાંતિલાલ મોતા


શ્રી મહેંન્દ્રભાઇ ગડા


જયાબહેન વિસનજીભાઇ પાલણ મારૂ પરિવાર


શ્રી. મયુરભાઇ (ઝુપ)


શ્રી. શામજીભાઇ દંડ


શ્રી વિપીનભાઇ ગંગર


એસ. પી. શ્રી બગડીયા પુર્વ કચ્છ


શ્રી રસિકભાઇ શાહ


શ્રી. અમિતભાઇ મૈશેરી-રાયપૂર


શ્રી. પુનશીભાઇ લોડાયા-રાપરગઢ


એસ.પી. શ્રી સાગર બાગમાર (ગાંધીધામ)


શ્રી. નરેશભાઇ ટોલીયા


શ્રી. ચિરાગભાઇ શાહ


શ્રી. કીર્તીભાઇ તથા શ્રી. કમલેશભાઇ શાહ



# લાભાર્થી માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર

આસિવાય, જૈન સમાજના દાનવીર શ્રેષ્ઠિવર્યો, અગ્રણીઓ, કચ્છના ૫૨-૪૨ ગામોના મહાજનો શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતાંબર જૈનસંઘ, ક.દ.ઓ જૈન જ્ઞાતિમહાજન - મુંબઇ, ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન, રાપર-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ, અધ્યાત્મ પરિવાર તથા શાંતિ કનક ટ્રસ્ટ, જૈન શ્વેતાંબર તીર્થ સોસાયટી કોલકતા, મણિલક્ષ્મીતીર્થ તથા નંદપ્રભા પ્રાસાદ પરિવાર સહીત અનેક મહાનુભાવોની પ્રમુખ ઉપસ્થિતી હતી....



મહોત્સવ દરમિયાન ઉગ્ર વિહાર કરી પધારેલ પુજ્ય ગચ્છાધિપતિશ્રી, આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીજી ભગવંતો તથા બહારથી પધારેલા ૫૨-૪૨ ગામના મહાજનો, મોભીઓ, પદાધિકારીઓ, મુમુક્ષુ પરિવાર તથા આરાધકોનું

## માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર

આભાર વ્યક્ત કરે છે.

સમગ્ર મહોત્સવ દરમિયાન વ્યવસ્થા સાચવવા કોઇ ક્ષતી રહી ગઇ હોય તો

મોતા પરિવાર કરબદ્ધ **મિચ્છામિ દુક્કડમ** માંગે છે.

# કોણ હતાં એ !!?...

જીવનનાં અમુક અનુભવો આપણાં સ્મૃતિપટ્ટ પર હમેશ માટે કોતરાઈ જતા હોય છે. આમાં ક્યારેક સ્થળ પર બનેલી કોઈક ઘટના અથવા ક્યારેક કોઈક વ્યક્તિ ને મળીને થયેલો અવિસ્મરણીય અનુભવ મોટો ભાગ ભજવી જતો હોય છે. યુવાકાળમાં  પુસ્તકો વાંચવાનો બહુ શોખ રહ્યો, પણ સમય વીતતાં હવે વ્યક્તિઓને પુસ્તકની જેમ વાંચવું ગમી રહ્યું છે.

વાતને કદાચ ૫/૬ વર્ષ થયાં હશે. અમે હજુ નવા નવા જ મુંબઈથી વડોદરા સ્થળાંતરીત થયા હતા. ઘરે બહારગામથી મેહમાન આવ્યા હતા એમને મેં વડોદરાનો રાજમહેલ દેખાડવાની યોજના બનાવી. મહારાજા સયાજીરાવ ગાયકવાડનાં પ્રભાવશાળી વ્યક્તિત્વ, પ્રગતિશીલ વિચારધારા અને કાર્યો વિશે એમ તો થોડું ઘણું વાંચ્યું હતું. એમણે પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્મા તથા પોંડિચેરીનાં મહર્ષિ ઓરોબિંદોના જીવનમાં, તેઓએ જાહેરજીવનમાં પદાર્પણ કર્યું, એ પહેલા જે મહત્વનો ભાગ ભજવ્યો હતો, એ બધું જાણીને, શિક્ષણ ક્ષેત્રે એમનાં યોગદાન વિશે વાંચીને, એમનાં મહેલને જોવાની તથા ત્યાંના પરમાણુઓને અનુભવવાની ઉત્કંઠા જાગી હતી. જતાં પહેલાં યૂટ્યુબ પર મહેલને લગતાં vdo જોયા અને પછી એ તરફ પ્રયાણ કર્યું.

ત્યાં પહોંચીને ટીકીટ લીધી અને ત્યાં મળતી ઓડિયો ગાઈડ કાન પર લગાડી અમે બધા પોતપોતાની રીતે મહેલદર્શન કરવા લાગ્યા. હું છૂટી પડીને ત્યાંના souveniour shopમાં આવી ચડી. સરસ મજાની પ્યોર ચંદેરી સિલ્ક સાડીઓ ત્યાં વેચવા માટે મૂકવામાં આવી હતી. એમનાં પર નજર ફેરવતાં ફેરવતાં મારી નજર ત્યાં હાજર એક બેન પર પડી. લાંબા, સુંદર મુખાકૃતિ, ગૌરવર્ણા, ઉમર કદાચ ૪૦/૪૨ ની હશે, સાદા કોટનનાં સલવાર કુર્તામાં તેમનો મેકઅપ વગરનો ચહેરો હજી ઓપી ઉઠ્યો હતો. કંઇક તો ચુંબકીય તત્વ હતું એમનામાં કે મારું ધ્યાન અને નજર એમની તરફ અવાર-નવાર જતી હતી એટલે audio guide મેં થોડી વાર માટે બંધ કરી દીધો. પણ કોઈને આમ ઘડી-ઘડી જોવું એ અસભ્ય ગણાય અને હું અસભ્ય ન લાગું એટલે સાડી જોવાનો દેખાવ કરતી રહી ! મને એવો ભાસ થવા લાગ્યો હતો કે મે એમને ક્યાંક જોયા છે, પણ ક્યાં એ મને યાદ નહોતું આવતું. સ્ટોરનાં સ્ટાફને તેઓ મરાઠી ભાષામાં નરમાઇથી સૂચનાઓ આપતા હતા અને સાથે-સાથે સ્વયં પણ ખાનાઓમાં ગોઠવણી કરતા હતા. મેં અનુમાન લગાવ્યું કે કદાચ તેઓ આ સાડીઓનાં ડિઝાઇનર હશે અને આજે આમનું exhibition અહીં હશે.

ખેર, જરા રહીને અમારી બંનેની નજરો મળી, સ્મિતની આપ-લે થઈ અને મેં એમને પૂછ્યું.. 'આ તમારું ડિઝાઇનર collection છે!?'

'ના, મારાં મધરનું છે. તેઓ ચંદેરી કળાનાં કારીગરોનાં પ્રોત્સાહન અને ઉત્થાન માટે કાર્યરત છે. હું એમને સહાય કરવા ક્યારેક આવી જાઉં છું. તમને કેવું લાગ્યું collection!?'

'ખરેખર સરસ છે. અને તમારા મધરનો પ્રયાસ પ્રશંસનીય કહેવાય.'

અને પછી મારાથી ન રહેવાતા મેં એમને પૂછી જ લીધું.. 'મને એવો ભાસ થાય છે કે મેં તમને ક્યાંક જોયા છે, પણ ક્યાં એ મને યાદ નથી આવતું.'

'ઓહ ઓકે, તમેં ક્યાંથી છો!?'

'વડોદરા થી..' 'અને તમેં!?'

'હું વડોદરામાં ઉછરી છું.'

મારાં અંદરનો કહાં દેખા હૈ.. કહાં દેખા હૈ !! વાળો ઉત્પાતિયો કીડો હજી શમ્યો નહોતો એટલે પૂછી બેઠી.

'વડોદરામાં ક્યાં!!?

'અહીં જ.'

'અહીં જ એટલે!?'

થોડા ખચકાતાં પણ મુસ્કાન સાથે તેઓએ જવાબ વાળ્યો... 'અહીં જ..જ્યાં તમે ઊભા છો.'

'ઓહ.. યૂ મીન યૂ આર princess of Baroda..!?'

જવાબમાં તેઓ ફક્ત મીઠું મલક્યાં. અને મેં એમને કહ્યું. 'આટલા મોટા રજવાડાની રાજકુમારી હોવા છતાંય તમારી સાદગી અને તમારી વિનમ્રતા મને સ્પર્શી ગઈ. મને આ મુલાકાત યાદ રહેશે.'

તેઓએ પણ સ્મિત સાથે જવાબ વાળ્યો અને પછી અમે છૂટા પડ્યાં.

અને મનેય યાદ આવ્યું કે મેં રાજકુમારી અલૌકિકા રાજે સિંધિયા (લગ્ન પછી 'ખાચર')ને ઘરેથી નીકળતાં પહેલાં મહેલનાં જે vdo જોયા હતાં, એમાં જોયા હતાં.

હવે મૂળ મુદ્દા ની વાત, મને આ મુલાકાત કેમ યાદ રહી

# SALE

upto **30% OFF**

5th July to 20th July 2024

સેલ દરમ્યાન દર ગુરૂવારે દુકાન ચાલુ રહેશે.



૪૧ વર્ષનો સુંદર પ્રવાસ
આપના પ્રેમ અને વિશ્વાસનો...

## લગ્નદીપ

રીઅલ જરી એમ્બ્રોઇડરીના સ્પેશ્યાલીસ્ટ
સાચી જરીના ઘરચોળા અને બાંધણીઓ
કસબ અને ઝીક કસબની સાડીઓ
વેડીંગ ગાઉન – ચણીયાચોળીમાં એક્સક્લુઝીવ ડિઝાઇન
પાનેતરનું એક્સ્ટ્રા ઓર્ડિનરી કલેકશન
બડકસબ પિટા અને મોચી ભરતમાં નવી ડિઝાઇનો

પરિવારના શુભ પ્રસંગોએ ખરીદી માટે શ્રેષ્ઠત્તમ સ્થળ

Since 1982

LagnaDeep
Legacy of Tradition

સંપર્ક :
022-2568 0807
76666 88881
76666 22229

Follow us on :

બી–૧૩/૧૫, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦.

અને રહેશે !?

તેઓ રાજકુમારી છે એટલે!?

હા, ઈમાનદારીથી કબૂલ કરું તો આ એક કારણ છે, પણ બહુ નાનું. આટલી નાનકડી મુલાકાતમાં એમણે વગર બોલે જે કીધું, જેને અંગ્રેજીમાં 'Reading-between-the-lines' કહે છે, એવું ઘણું બધું હતું અને એ યાદ રાખવા લાયક હતું.

બાહ્ય સાદગી અને આંતરિક સાદગી એ બે અલગ વાતો છે. બાહ્ય સાદગી એટલે સાદા કપડાં, સાદો મેકઅપ. પણ એના અનેક કારણ હોઈ શકે. એનો અર્થ આ બિલકુલ નથી કે વ્યક્તિ આંતરિક રીતે સ્વભાવથી પણ સાદો હોય. પણ જો માંહ્યલો આવો હોય તો એ બાહ્ય વ્યક્તિત્વમાં પણ પ્રતિબિંબિત થાય જ. અને જૂજ વ્યક્તિઓમાં બાહ્ય અને આંતરિક સાદગીનો સુભગ સંગમ દેખાય, જેમાંના રાજકુમારી એક છે.

એક નાનકડા ગામડાંનો સરપંચ હોય ને, તોય એની સંતાન માથે હવા ભરી એનાં નામથી રૂઆબમાં ફરતી હોય તો જેનાં પિતા ભારતનાં મોટા રજવાડાનાં રાજવી હોય (ભલે હવે રજવાડા સત્તામાં વિલીન થઈ ગયા, તોય શું!), એની દીકરીએ ઓળખાણ આપતા આ ના કહ્યું સ્વમુખે કે 'હું રાજકુમારી છું'. ન મારાં જેવી એક સામાન્ય નાગરિક સાથે વાત કરતા કોઈ મિજાજ દેખાડ્યો કે ઉતાવળ દેખાડી ! અને પોતે પણ વાતમાં રસ દાખવીને મને સન્માનિત અનુભવ કરાવ્યું.

પોતાના સ્ટાફ સાથે પણ તેઓ નરમાઈથી વાત કરતા હતા. અને આ નરમાઈ પણ ફક્ત formality વાળી બાહ્ય જ નહોતી. બધાની સાથે એમની આંખોમાં જોઈને વાત કરતા હતા. પોતાનાંથી સામાજિક અને આર્થિક સ્તરમાં ઓછા વ્યક્તિ સાથેનું વર્તન મોટા વ્યક્તિની ઊંચાઈનું માપ બતાવતું હોય છે.

એમની પાસે શું નહોતું... રૂપ, ઊંચાઈ, દૌલત, મહેલાતો, પિતાનો મોભો બધુંજ! હવામાં ઊડવા માટેનું એક પણ કારણ એમની પાસે ઓછું ન હતું, અને તોય વ્યક્તિનાં પગ આટલા જમીન પર હોય એને અસલી રજવાડીપણું કહેવાય. સામેવાળા નાનાં માણસને પોતાના જેટલું ઊંચું મેહસૂસ કરાવે એ વ્યક્તિ આપોઆપ બધાની નજરમાં બે વેંત ઉંચી થઇ જાય છે.

આખરમાં આ આખી વાતને બંધબેસતું શાયરા શબીના અદીબનો એક શેર અહીં ટાંકું છું..

**જો ખાનદાની રઈસ હૈં વો,**
**મિજાજ રખતે હૈં નર્મ અપના**
**તુમ્હારા લહજા બતા રહા હૈ,**
**તુમ્હારી દૌલત નયી-નયી હૈ**

– લીના હિરેન લોડાયા, બરોડા (વરાડીયા)

## ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના તા. ૫.૬.૨૦૨૪ના અંકમાં પાના નં. ૧૦ ઉપર ગામ મંજલની જાહેરાતમાં છપાયેલ આરાધના ફોર્મમાં શ્રી રમેશભાઈ લોડાયાના ફોન નં. ૯૮૯૨૦ ૦૩૯૪૦ વાંચવા.


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ


## ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના તા. ૫.૬.૨૦૨૪ના અંકમાં પાના નં. ૧૨ ઉપર વારાપધર ગામમાં બિરાજમાન કુળદેવી શ્રી ચામુંડા માતાજીને નમતા લાલકા પરિવારની જાહેરાતમાં સંપર્ક નંબર નીચે મુજબ વધારીને વાંચવા.

વિજયભાઈ રતિલાલ લાલકા – આદિપુર
Mobile No 9879041795
જયેશભાઈ કુંવરજી લાલકા – ડોંબીવલી
Mobile No 9833808219
મંગલભાઈ જેઠાભાઇ લાલકા – મંજલ કચ્છ
Mobile No 9727326947
દિપકભાઈ આણંદજી લાલકા – સેંધવા (મ.પ્ર.)
Mobile No 9424825400
અમીત પ્રતાપભાઈ લાલકા – અંકલેશ્વર
Mobile No 7383351234
રાજેશ કાનજી લાલકા વડોદરા
Mobile No 9828169830



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**પ્રિય ગામવાસીઓ, જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો/દિકરીઓને સહપરીવાર જોગ,**

## સંવત ૨૦૮૦ : ચાતુર્માસ સહ પર્વાધિરાજ પર્યુષણ પર્વની મંગલ આરાધના

સહર્ષ જણાવતા અતિ આનંદ અનુભવીએ છીએ કે પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવત ૨૦૮૦ નાં શ્રાવણ વદ-૧૩ **શનિવાર તા. ૩૧–૮–૨૦૨૪** થી ભાદરવા સુદ ૫ ને **શનિવાર તા. ૭–૯–૨૦૨૪** સુધી રહેશે. પર્યુષણ પર્વની આરાધના કરવા માટે દલતુંગી ગામનાં સર્વે જૈન ભાઈ/બહેનોને, ગામની નિયાણી બહેનો/દિકરીઓને સહપરીવાર દલતુંગી ગામે પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. આપણા સંઘના પુણ્યોદયે આપણી વિનંતીને માન આપી આર્યરક્ષિત વિદ્યાપીઠની બહેનો દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવામાં આવશે. રોજ સવારના ભક્તામર, વ્યાખ્યાન, સવાર-સાંજ આરતી મંગલદીવો, પ્રતિક્રમણ વગૈરે કાર્યક્રમો દરરોજ રહેશે. વ્યાખ્યાન બાદ દરરોજ પ્રભાવના કરવામાં આવશે. ભક્તામર પછી સંઘ તરફથી **ત્રણ લક્કી ડ્રો** કાઢી ઈનામ આપવામાં આવશે. રાત્રી ભાવના સ્થાનિક ગામવાસી ભાઈઓ કરાવશે.

**સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૨૫,૦૦૦**/- રાખેલ છે. વહેલા તે પહેલાનાં ધોરણે લાભ આપવામાં આવશે. (નકરાની રકમમાં અગર વધારો થશે તો ભોજનશાળામાં ઉપયોગમાં લેવાશે. દાતા પરિવારે નોંધ લેવા વિનંતી) સંઘ તરફથી સાધર્મિક ભક્તિ **શુક્રવાર તા. ૩૦–૮–૨૦૨૪** (ચૌવિહાર) થી **રવિવાર તા. ૮–૯–૨૦૨૪** બપોરના જમણવાર (છમછરી) સુધી રહેશે. **૯ દાતા દરેકના રૂા. ૨૫,૦૦૦**/– લેખે આવકાર્ય. જો દાતા મળશે તો સાધર્મિક ભક્તિનું આયોજન થઈ શકશે. પર્યુષણ પર્વની આરાધના માટે આપ ક્યારે અને કેટલા જણ પધારવાના છો જેની જાણ આગોતરી કરશો (**શ્રી વિજય પુનશી માલદે** ને મો. **91066 73821**) જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**ખાસ નોંધ :** દલતુંગી દેરાસરની ૧૨૩મી દ્વજા વૈશાખ સુદ ૫ને શુક્રવાર તા. ૨-૫-૨૦૨૫ ના ઉજવાશે. ૧૨૩મી દ્વજાની બોલી આ પર્યુષણ દરમ્યાન ભાદરવા સુદ ૨ ને બુધવાર તા. ૪-૯-૨૦૨૪ સ્વપનાની ઉછામણી દરમ્યાન આદેશ આપવામાં આપશે. સૌ ગામવાસી ભાઈ-બહેનોએ નોંધ લેવા વિનંતી.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા – 98338 19689 ● શ્રી વિજય પુનશી માલદે – 91066 73821**

**BANK DETAILS : Beneficiary Name - Shri Ajitnath Maharaj Jain Derasar Trust**
**Bank Name : Shri Arihant Co-op. Bank Ltd., • Masjid Bunder Branch • A/c No : 004001002184 • IFSC CODE : ICIC00ARIHT**

# ક.દ.ઓ. મોતા પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય

શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા તરફથી ક.દ.ઓ. મોતા પરિવારના બાળકોને (ધોરણ ૧ થી ૧૦ સુધી) આ વર્ષે પણ શૈક્ષણિક સહાય આપવામાં આવશે.

ગયા વર્ષના પરિણામની નકલ એવમ્ આ વર્ષે ભરેલ ફીની રસીદની નકલ સાથે સંપૂર્ણ ભરેલ ફોર્મ નીચે જણાવેલ સ્થળે તા. ૩૦.૭.૨૦૨૪ સુધી મોકલવાનું રહેશે.

શૈક્ષણિક સહાય માટેનું ફોર્મ સાથે જણાવેલ ટ્રસ્ટીઓના સરનામે રૂબરૂ કે નીચે જણાવેલ ઈ–મેઈલ આઈ.ડી.થી મેળવી શકાશે અને પરત મોકલી શકાશે.

**શ્રી ઉમેશ ખેતશી શાહ (મોતા)**
રી સ્ટ્રક્ચર, બી–૪૧૧,
નિલકંઠ બીઝનેસ પાર્ક, નાથાની રોડ,
વિદ્યાવિહાર (વે.), મુંબઈ – ૪૦૦ ૦૮૬.
સંપર્ક : ચાંદનીબેન મોમાયા M : 93726 54522
Email : admin@restructurepmc.com

**શ્રી ચીમન મેઘજી મોતા**
તનમન ટુર એન્ટ ટ્રાવેલ્સ,
બી–૧૦૩, શ્રી સિદ્ધી પ્લાઝા, ઓમ જ્વેલર્સની પાછળ,
આર.આર.ટી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ – ૪૦૦ ૦૮૦.
Phone : 022 - 2590 3514 / 15 / 16
Email : tanmantour@gmail.com

**લી. ટ્રસ્ટીઓ, શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા**




**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી



મંડળ દ્વારા તા. ૭-૦૬-૨૦૨૪ના પ્રમુખશ્રી જ્યોત્સનાબેનના નિવાસસ્થાને મેંગો થીમ પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સારી સંખ્યામાં સભ્ય બહેનોએ હરીફાઈમાં ભાગ લીધો હતો. પ્રથમ ઈનામ હેતલ ધરમશી અને દ્વિતીય ઈનામ વિજલ ડાઘાને મળેલ. ભાગ લેનાર દરેક સભ્યોને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ. મેંગો થીમ ઉપર ગેમ તથા હાઉઝી પણ રમાડવામાં આવી હતી.

### વરસોવા, લોખંડવાલા અને ઓશીવરા કદઓ લવ ગ્રુપ



તા. ૧ જૂન, ૨૦૨૪ના મુંબઈના વરસોવા, લોખંડવાલા અને ઓશીવરામાં વસેલા, **"KDO LOVe"** ગ્રૂપના સાત સભ્ય પરિવારોનું સ્નેહમિલન યોજાયું હતું. જ્યાં આ સભ્યો એક લાંબા અરસા પછી ફરી ભેગા થયા હતા. આગલા મિલનની યાદો તાજી કરી, ભોજન બાદ હાઉસી રમી, એક આનંદ ભરી સંધ્યા માણીને સહુ છૂટા પડ્યા હતા.

### પાવાગઢ ડુંગર ઉપર જૈન તીર્થંકરોની હજારો વર્ષ જૂની મૂર્તિઓની તોડફોડ

પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ પર્વત ઉપર શક્તિ પીઠ મહાકાળી માતાના મંદિર સુધી જતાં દાદારાની બન્ને તરફ આવેલી હજારો વર્ષ જૂની જૈન તીર્થંકરોની પ્રતિમાઓને પાવાગઢ મંદિર ટ્રસ્ટે વિકાસના નામે તોડીને કચરામાં ફેંકી દેતા ભારે હોબાળો મચી ગયો છે. મોટી સંખ્યામાં જૈનો પાવાગઢ પોલીસ સ્ટેશન ગયા અને તોડફોડ રોકીને જવાબદારો સામે પગલાં લેવા માગ કરી હતી.

### પાસ થયા - અભિનંદન



કશ્વી શિલ્પા - ભાવેશ શાહ
દલતુંગી - સાંગલી
SSC (CBSE) 92.40%

### લજીતા ખોનાને ઉડાન એવોર્ડ




જખૌના મુલુંડ નિવાસી લજીતા ભરત આણંદજી ખોનાને હાલમાં જ પુના ખાતે યોજાયેલા જૈન શોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા ભારતભરની સિદ્ધિ પ્રાપ્ત મહિલાઓ સાથે વિશેષ ઉપલબ્ધીઓ માટે ઉડાન એવોર્ડથી સન્માનીત કરાયા છે.

### વંશ મોમાયાને ગોલ્ડ મેડલ



સાંયરાના મહેસાણા ખાતે ગણપત યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એંજીનીયરીંગના ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થી વંશ-મમતા, હિતેશ મોમાયાને સમગ્ર સુંદર પ્રદર્શન બદલ ગોલ્ડ મેડલ (સુવર્ણચંદ્રક) પ્રાપ્ત કર્યો છે.

બાંધણી હોય કે ઘરચોળા! પાનેતર હોય કે પટોળા!
ચણીયા ચોળી હોય કે દુપટ્ટા! સગાઈ હોય કે લગ્નપ્રસંગ!
પહેડી હોય કે ધજા મહોત્સવ! જ્યોતિને સંગ-ઉજવો પ્રસંગ!
વધી જશે ઉમંગ-રહી જશે રંગ!
for Exclusive Embroidery and uptodate Finishing!
જ્યોતિ Sarees
Matunga (E)
Behind Arora Theatre
Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree

## ગાંધીધામ દ્વારા ઓલ ઈન્ડિયા કેડીઓ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૨ નું આયોજન કરવામાં આવેલ



સાવજ ગ્રુપ, ગાંધીધામ દ્વારા ઓલ ઈન્ડિયા કચ્છી દશા ઓશવાળ જૈન સમાજ ના યુવાઓ માટે ૩ દિવસીય ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ''કેડીઓ પ્રીમિયર લીગ, સીઝન-૨'ની શરૂઆત નવકાર મહામંત્ર બાદ ગાંધીધામ મહાજન પ્રમુખ લહેરચંદ ખોના, કચ્છ એકમ મહેશ લાલકા, યુવક મંડળ પ્રમુખ હિતેન છેડા, મુકેશ દંડ, એડ. કેતન લોડાયા, વિગેરે મહાનુભાવોએ દીપ પ્રગટાવી કરેલ

૮ લીગ, ૪ ક્વાર્ટર અને ૨ સેમી બાદ ફાઇનલમાં મુલુન્ડ યંગસ્ટર્સ ગ્રુપ અને કેડીઓ શિવમ લોજિસ્ટિક, ગાંધીધામ વચ્ચે રમાઈ હતી જેમાં મુલુંડ યંગસ્ટર્સ ગ્રુપ વિજેતા થઇ હતી.

મહાજન પ્રમુખ લેહેરચંદભાઈ એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. ઓપનીંગ સેરેમનીમાં હિતેન છેડાએ તેમજ કલોસીંગ સેરેમનીમાં કેતન લોડાયાએ સંચાલન કર્યું હતું . આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે સાવજ ગ્રુપના નયન લોડાયા, પ્રતીક શિયાળ, હિતેશ મોતા, ચિરાગ લોડાયા, દીપેશ લોડાયા, કુણાલ લોડાયા, હર્ષલ લોડાયા, ક્રિશ મૈશેરી, ભાવેશ મૈશેરી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## ૨૧ જૂનથી કેરી ત્યાગ

ભારતીય જૈન વિજ્ઞાન મુજબ આર્દ્રા નક્ષત્રથી વર્ષા ઋતુનો પ્રારંભ થતાં સુક્ષ્મ જીવો સહિત કીટ પતંગોની સંખ્યામાં વધારો થાય છે. જેની અસર ફળ-ફળાદિ સહિત લીલોતરી પર થતાં સહુના પ્રિય એવા આમ્રફળના ત્યાગની વિશેષ સૂચના પ.પૂ. ગુરૂ સમુદાય દ્વારા આપવામાં આવે છે.

આ વર્ષે આર્દ્રા નક્ષત્રનો પ્રારંભ તા. ૨૧ જૂન ૨૦૨૪ની મધ્યરાત્રિથી શરૂ થતાં તેજ ઘડીથી આમ્રફળનો ત્યાગ કરવાની સૂચના વિધિકાર જ્યોતિર્વિદ કેવલભાઈ સાવલા તરફથઈ જાહેર કરવામાં આવી છે.

## ડોંબિવલી મંડળ શૈક્ષણિક સમારોહ

કદઓ જૈન મંડળ ડોંબિવલી દ્વારા તાજેતરમાં ૪૬મો શૈક્ષણિક સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં પ્રથમવાર સાધર્મિક ભક્તિ પણ યોજાઈ હતી. એ ઉપરાંત વિદ્યાર્થીઓને નોટબુક/લોંગ બુક, સ્કુલ બેગ, શૈક્ષણિક ઉપકરણો શૈક્ષણિક પુરસ્કાર, ગણવેશ (યુનિફોર્મ) પ્રદાન કરવામાં આવ્યા હતા. દાતાઓનું બહુમાન કરાયુ હતું.

## પ.પૂ. સાધ્વી આનંદ કિરણાશ્રીજી મ.સા.

પ.પૂ. સાધ્વી આનંદ કિરણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૨૭મા વર્ષમા પ્રવેશ થયો છે. કોઠારાના મા. જયાબેન ટોકરશી લોડાયાના ધર્મનિષ્ઠ સુપુત્રીએ વિક્રમ સંવત ૨૦૫૪ના જેઠ સુદ - ૨ના દિને ડોંબિવલી મધ્યે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. પાસેથી દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સા. અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે સંયમ જીવનમાં પ્રવેશ કર્યો.

## આદિનાથ જીનાલય ભાંડુપનો ધ્વજા મહોત્સવ

ભાંડુપ-અનંતસિદ્ધિ પરિસર સ્થિત આદિનાથ જિનાલયનો ૭૯મો ધ્વજા મહોત્સવ, આદિનાથ પંચકલ્યાણક પૂજા, અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ કાર્યક્રમ તા. ૧૫, ૧૬ અને ૧૭ જૂન ૨૦૨૪ના યોજાઈ ગયા.

## વિદ્યાર્થી સંઘ આયોજિત આદિનેમ સંધ્યા

કદઓ જૈન વિદ્યાર્થી સંઘે મે ૨૫, ૨૦૨૪ના દિને ભાંડુપ વેસ્ટની મેવાડ કેસરી હોલમાં આદિ-નેમ ભક્તિ સંધ્યાનું આયોજન કર્યું હતું. જેમાં ૧૦૦૦ જેટલા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ભાવિક શાહ, પારસ ગડા અને હર્ષિત શાહે ભક્તિગીત પ્રસ્તુત કર્યા હતા. આયોજનના સહયોગી હતા બાંઢિયાના ભાંડુપ નિવાસી મા. પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર અને વારાપધરના બોરીવલી નિવાસી મા. કસ્તુરબાઈ રાયચંદ લાલકા પરિવાર.


**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **- તંત્રી મંડળ**

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### નવી લિગ્નાઈટ ખાણ

લખપત તાલુકાના સુપ્રસિદ્ધ માતાના મઢ નજીક આવેલા પુનરાજ પર ગામે જીએમડીસી દ્વારા ૨૯૦૦ હેક્ટરમાં લિગ્નાઈટ ખાણ શરૂ કરવામાં આવશે. ખાણના ઉપરના ભાગમાં ૭૦૦૦ લાખ ટન ઉચ્ચ ગુણવત્તાના લાઈમ સ્ટોનની મોજૂદગી જણાઈ છે.

### વડોદરામાં ચાતુર્માસ આરાધના

કદઓ જૈન સંઘ વડોદરામાં વિમનલનાથ જિનાલયના આંગણે પાંચ સાધ્વી ભગવંતોના ચાતુર્માસનો લાભ પ્રાપ્ત થયો છે. આ સાધ્વી ભગવંતો પ.પૂ.સા. ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા. અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.પૂ. સા. વિશુષપ્રજ્ઞાશ્રીજી મ.સા. પ.પૂ.સા પૂર્ણયશાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. ભવ્યપ્રજ્ઞાશ્રીજીની નિશ્રા પ્રાપ્ત થશે.

કચ્છી અચલગચ્છ જૈન સંઘના વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં પ.પૂ. મુનિરાજ આર્યરત્નસાગરજી મ.સા.ના ચાતુર્માસ નિર્ધારિત થયા છે.

### નાની ખાવડી કદઓ અચલગચ્છ જૈન સંઘ

નાની ખાવડી કદઓ અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ તરફથી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના નવમા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે બુધવાર તા. ૧૯.૬.૨૦૨૪ના શુભદિને સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ મહોત્સવ યોજાયેલ.

### મુનિસુવ્રત જિનાલય કોઈમ્બતુર

કોઈમ્બતુરના મુનિસુવ્રતસ્વામી જિનાલયનો ૧૨.૬.૨૪ના રોજ ધ્વજારોહણ સમારોહ યોજાયો હતો. લાભાર્થી વરાડિયાના કોઈમ્બતુર નિવઆસી મા. મધુરીબેન કિશોરભાઈ દામજી ડાઘા પરિવાર રહ્યું હતું.

**વનિતા વિશ્વ–Women World માટે લેખ આવકાર્ય**

પ્ર.સ.માં મહિલાઓ માટેના વિભાગ વનિતા વિશ્વ–Women World માટે લેખ આવકાર્ય છે. સંપર્ક :
**kdoprakash@gmail.com**
**Dr. Tejal Rushabh Shah-** 9987081818,
tejalrushabhshah@gmail.com

### ભુજ પખાવજ કાર્યક્રમ

કદઓ જૈન મહાજન ભુજ દ્વારા પખાવજ કાર્યક્રમ તા. ૯.૯.૨૦૨૪ સોમવાર સાંજે ૬ વાગ્યાથી યોજવામાં આવ્યું છે. જ્ઞાતિના પખાવજ મંડળો, મહિલા મંડળોને ભાગ લેવા આમંત્રણ છે.

સંપર્ક : શાંતિલાલ લોડાયા(વડોદરા)–૯૮૨૫૦૧૨૯૭૧,
ચંદ્રકાંતભાઈ(વડોદરા)–૯૩૨૭૨૪૯૦૫૧
